# ખેડબ્રહ્મામાં આંગડીયા કર્મચારી પર ફાયરીંગ કરી લુટારૂ ફરાર

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા શહેરમાં ધોળા દિવસે આંગડિયા પેઢીના કર્મચારી ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કરી કારમાં ફરાર થઈ ગયા. જેને લઈ શહેરમાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

ખેડબ્રહામાં માણેક ચોક વિસ્તારમાં મુખી માર્કેટમાં એન. માધવલાલ એન્ડ કંપની નામની આંગડિયા પેઢી આવેલ છે. જે હમણાં તારીખ ૧-૧૨-૨૦૧૯ના રોજ ઉદ્‌ઘાટન થયુ હતુ. જેનો કર્મચારી નાયક કિરણભાઈ હરગોવિંદભાઈ, ઉ.વ. આ ૪૨, રહે. મકતુપુર, તા. ઊંઝા મંગળવાર બપોરે પેઢીનું કામ પતાવી પગપાળા ચાલતો ચાલતો સરદાર પટેલ રોડથી પેટ્રોલ પંપ બસ સ્ટેશન જતો હતો ત્યારે સરદાર પટેલ રોડ ઉપર જનતા બેંકથી થોડેક આગળ સામેના ખુણા પર તેના ઉપર સ્વિફ્ટ ડીજાયર કારમાં તેના પર છરી વડે હુમલો કરી બેગ ઝૂટવાનો પ્રયત્ન કરવાં આવ્યો હતો. તેમાં લુટારૂ સફળ ના થતાં બે રાઉન્ડ ફાયરિગ કરી ગાડી લઈ ભાગી ગયા હતા. ફાયરિંગનો અવાજ સાંભળી બેંકમાંથી અને આજુબાજુથી લોકો દોડી આવી કિરનભાઈને જનરલ હોસ્પિટલ પહોચડ્યા હતા ત્યાંના ઈન્ચ્યાજ ડોક્ટરે તેમનું મરણ થયાનુ જાહેર કર્યા હતાં.








આ ઘટનાને લઈ ઈડર ડીવાયએસપી દિનેશસિંહ ચૌહાણ દોડી આવી તપાસ હાથ ધરી હતી. તેમજ એલસીબી પોલીસ પણ ઘટના સ્થળ પર સૂત્રોના જણાવ્યા મુજબ હાલ લૂંટની થિયરી પર તપાસ હાથ ધરવામાં આવી છે. આ વિસ્તારના સી.સી. ટીવી કેમરા ફુટેજ ચકાસમાં આવી રહ્યા છે.


## સાબરકાંઠા જિલ્લા કક્ષાની પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રાંતિજમાં અવર ઓન હાઈસ્કૂલ ખાતે ઉજવાશે

હિંમતનગર, તા. ૨૧

આગામી તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૨૦ની રાષ્ટ્રીય પર્વની જિલ્લાકક્ષાની પ્રજાસત્તાક દિનની ઉજવણી સાબરકાંઠાના પ્રાંતિજમાં અવર ઓન હાઈસ્કૂલ ખાતે ૭૧મો પ્રજાસત્તાક પર્વ રાજ્યના આદિજાતી વન અને પર્યાવરણ પ્રવાસન મંત્રી ગણપતભાઈ વસાવાના હસ્તે સવારે ૯ કલાકે ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપશે, ત્યારબાદ પરેડનું નિરીક્ષણ કરવામાં આવશે તથા વિવિધ પ્લાટુન દ્વારા પરેડ માર્ચ પાસ્ટ યોજાશે. મંત્રી વસાવા પરેડની સલામી ઝીલશે અને જિલ્લાના નાગરિકોને રાષ્ટ્રજોગ પ્રેરક સંબોધન કરશે.

પ્રાંતિજ ખાતે યોજાયેલ પ્રજાસત્તાક પર્વે સાબરકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તૈયાર કરેલ વિવિધ વિભાગોના ૧૪ જેટલા અલગ અલગ થીમ આધારિત યોજનાકીય ટેબ્લો રજુ થશે અને જીવંત તાર્દશ્ય ખડું કરવામાં આવશે. સાથે સાથે ઉપસ્થિત નાગરિકો માટે મનોરંજન પૂરું પાડવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લાની ૧૦ જેટલી શાળાની વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવશે. જેમાં દેશભક્તિ ગીતો, યોગ નિદર્શન, પિરામિડ, ગરબા જેવા એક એકથી ચડિયાતી કૃતિઓ બાળકો દ્વારા રજુ કરવામાં આવશે. જ્યારે નવ જેટલી વિવિધ પ્લાટુન દ્વારા પરેડ યોજવામાં આવશે. જેમાં પુરૂષ અને મહિલા પ્લાટુન, હોમગાર્ડ, એન.સી.સી, એન.પી.સી., માઉન્ટેડ પ્લાટુન તથા ડોગ પ્લાટુનનો સમાવેશ થાય છે.

મંત્રી ગણપતભાઈ વસાવા દ્વારા જિલ્લાના આઠ જેટલા ખેલાડીઓને એવોર્ડ વિતરણ કરી વિવિધ રમતોમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરેલા જિલ્લાના રમતવીરોનું સન્માન કરવામાં આવશે.



જનતા બેન્ક થી પેટ્રોલ પમ્પ સુધીના બસો મીટરના રસ્તામા કોઈ કોઈ દુકાન કે સંસ્થા નથી આવેલ અને કોઈ સીસી ટીવી કેમેરા પણ નથી ત્યાં એક ખૂણો પડતો હોય ત્યાં નગરલાપીકની કચરા પેટી મુકવામાં આવી છે તેની આદશમાં લોકો લગુશંકા કરે છે આ ખૂણામાં જ ગાડી પાર્ક કરી લૂંટારું રાહ જોઈ રહ્યા હતા. કિરણભાઈ સરદાર પટેલ રોડ ઉપરથી ચાલતા આવતા હતા અને લઘુશંકા કરવા તે ખૂણામાં ગયા હતા અને લૂંટારું એ હુમલો કરી દીધો.

## બાયડની એન.એચ.શાહ હાઈસ્કૂલમાં સેલ્ફ ડિફેન્સ અને ગુડ ટચ બેડ ટચ અંગે જાગૃતિ વર્કશોપ યોજાયો

બાયડ, તા. ૨૧

અત્યારના આધુનિક યુગમાં બાળકીઓથી માંડીને મહિલાઓ પર થતા અઘટિત કૃત્યો, શારીરીક શોષણ, બળાત્કાર, એસીડ એટેક અને માનસીક પજવણી સહિત છેડતીના કિસ્સાઓ વ્યાપક પ્રમાણમાં બની રહ્યા છે. ત્યારે નાની બાળકીઓથી માંડીને દરેક વયની મહિલાઓ આવા તત્વોને ઓળખી તેમની સામે જાત સુરક્ષ કરી શકે તે માટે બાયડની એન.એચ.શાહ હાઈસ્કૂલમાં ગુજરાત રાજ્ય મહિલા આયોગ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સેલ્ફ ડિફેન્સ અને ગુડ ટચ બેડ ટચ અંગે જાગૃતી તાલીમ વર્કશોપ યોજાયો હતો. જેમાં દિકરીઓએ સેલ્ફ ડિફેન્સ કઈ રીતે કરવું તેની માહિતી વડોદરા જિલ્લા પોલીસની બહેનોએ આપી હતી.

આ વર્કશોપમાં ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલીયા, અતિથિ વિશેષ હંસાબેન પટેલ (ઉપસચિવ), મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, મામલતદાર કે.બી. સોલંકી, ઈઆઈ શૈલેષભાઈ પટેલ, પીએસઆઈ પરમાર બહેન, ચેરમેન મોતીભાઈ પટેલ, મંત્રી વિનુભાઈ પટેલ, આચાર્ય સુનિલ પટેલ, સુપરવાઈઝરો વિનુભાઈ પટેલ અને મફતભાઈ શાહ તથા સ્ટાફ પરિવારે આ કાર્યક્રમને દિપાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એચ.શાહ હાઈસ્કૂલની શિક્ષીકા બહેનોએ કર્યું હતું. તાલીમ શિબિરમાં શાળાની ૬૦૦ દીકરીઓ હાજર રહી હતી.

### સાયરા કેસમાં સીઆઈડી ક્રાઈમના તપાસનો ધમધમાટ વચ્ચે

## ત્રણેય આરોપીઓના વધુ ત્રણ દિવસના રિમાન્ડ મંજુર

મોડાસા, તા. ૨૧

મોડાસાના સાયરા (અમરાપુર)ની ૧૯ વર્ષીય યુવતીના શંકાસ્પદ મૃત્યુ મામલે સમગ્ર રાજ્યમાં ભારે પડઘા પડતા અને અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની ઢીલી નીતિનો આક્ષેપ થતા પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવતા રવિવારે સી.આઈ.ડી ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમારના નેતૃત્વમાં એસપી વીરેન્દ્ર યાદવ, ડીવાયએસપી અશ્વિન પટેલ સહિતની ટીમ મોડાસા પહોંચી ધમધમાટ શરૂ કર્યો છે. સાયરા (અમરાપુર) નિર્ભય કેસ સંભાળી લઈ તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે બીજીબાજુ "નિર્ભયા" કેસમાં સંડોવાયેલા ત્રણે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ પૂર્ણ થતા આરોપીઓને કોર્ટમાં રજુ કરી સરકારી વકીલે સીઆઈડી ક્રાઈમની તપાસમાં ત્રણ આરોપીઓ માંથી બે આરોપીઓના મૃતક યુવતી સાથે સંપર્ક હોવાનું ખુલતા વધુ તપાસ અર્થે ૫ દિવસના રિમાન્ડની માંગ કરતાં જેથી કોર્ટે વધુ ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

સાયરા કેસમાં બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કરતા પોલીસ ધરપકડ કરી હતી જ્યારે સતીષ ભરવાડ નામનો આરોપી હજુ પણ ફરાર છે. અરવલ્લી જીલ્લા પોલીસે ત્રણે આરોપીઓને કોર્ટમાં રજુ કરતાં ૫ દિવસના રિમાન્ડ પછી એક આરોપીએ મૃતક યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યાનું કબુલ્યું હતું. સરકારી વધુ ૫ દિવસના રિમાન્ડ માંગતા કોર્ટે ૩ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.




અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના ધમધમાટ વચ્ચે પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર પાસે તપાસ આંચકી લઈ સીઆઈડી ક્રાઈમને સોંપતા ડીઆઈજી ગૌતમ પરમારના નેતૃત્વમાં રવિવારથી ધમધમાટ શરુ કરતાં ઝીણવટભરી તપાસ આદરી દીધી છે. આરોપીઓ મૃતક યુવતીના સંપર્કમાં હોવાથી અને એફએસએલ રિપોર્ટ પણ બાકી હોવાથી અને સીઆઈડી ક્રાઈમને કસ્ટોડિયલ ઈંસ્ટ્રોગેશનની જરૂરિયાત જણાતા વધુ ૫ દિવસના રિમાન્ડની માંગ કરતા નામદાર કોર્ટે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું સરકારી વકીલ ડી.એસ. પટેલે જણાવ્યું હતું.

### ડીસા તાલુકાના શૌચાલય કૌભાંડમાં નિયામક-ટીડીઓની ભૂમિકા શંકાસ્પદ

## ગામડાંના અનેક અરજદારો આજે પણ શૌચાલયથી વંચિત સરકારના મહત્વાકાંક્ષી સ્વચ્છતા અભિયાન સામે સવાલો

ડીસા, તા. ૨૧

ડીસા તાલુકામાં શૌચાલય કૌભાંડ મામલે સરપંચ સસ્પેન્ડ થયા અગાઉ કરાર આધારિત કર્મચારીઓનો ભોગ લેવાયો છે. પરંતુ આ તમામ ગતિવિધી વચ્ચે કાયમી કર્મચારીઓની જવાબદારી ચર્ચાની એરણે ચડી છે. એટલું જ નહીં, શૌચાલય બન્યા પહેલા ચુકવણું થયાની કાર્યવાહીમાં તલાટીથી માંડી નિયામક સુધીના અધિકારીઓની ભૂમિકા હોવા છતાં હાલ માત્ર તલાટી સામે ખાતાકીય તપાસ હોઈ જિલ્લાના અધિકારીઓની જવાબદારી શકનાં દાયરામાં આવી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં શૌચાલયો બનાવ્યા વિના ચુકવણું કર્યાની ઘટનાને પગલે ખળભળાટ મચી ગયો છે. તાલુકા અને જિલ્લા પંચાયતે તપાસ દરમિયાન સ્વસ્થ ભારત મિશન શાખાના કરાર આધારીત કર્મચારીઓને ફરજમુક્ત કર્યા હતા. આ પછી હમણા બુરાલ ગ્રામ પંચાયતના સરપંચને પણ ૬૨ જેટલા શૌચાલય કાગળ પર હોવાના મુદ્દે સસ્પેન્ડ કરતા મામલો વહિવટી રીતે ગરમાયો છે. જો કે, તલાટી, ટીડીઓ અને ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સહિતના જવાબદારો સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

ડીસા તાલુકામાં સ્વસ્થ ભારત મિશન શાખા દ્વારા ઘરે ઘરે શૌચાલય બનાવવાની કામગીરી કરવામાં આવી હતી જેમાં ડીસા તાલુકાના તમામ ગામોને આવરી લેવામાં આવ્યા છે તેમ છતાં અનેક ગામોમાં અરજદારોને ત્યાં આજે પણ શૌચાલય બન્યા નથી અને સરપંચ તેમજ અધિકારીઓ દ્વારા વારંવાર ધક્કા ખવડાવવામાં આવી રહ્યા હોવાના કારણે અરજદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આવા જ એક અરજદાર હિમતસિંહ વાઘેલા જેઓ ડીસા તાલુકાના રાણપુર વચલા વાસ ખાતે રહે છે. તેમણે જણાવ્યું હતું કે હું છેલ્લા છ માસથી શૌચાલય બનાવવા માટે ડીસા મનરેગા ઓફિસે ધક્કા ખાઉં છું તો ઓફિસના અધિકારીઓ કહે છે તમારા ગામમાં શૌચાલય બનાવવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે જ્યારે સરપંચને પૂછીએ તો કહે છે કે હાલમાં ફોર્મ વિતરણની કામગીરી બંધ છે માટે સાચું શુ છે ? એ જ સમજાતું નથી જો કે આ મામલે હું જિલ્લા કલેકટરને રજુઆત કરિશ તેવો બળાપો ઠાલવ્યો હતો. મતલબ અહીં પણ કાગળ ઉપર શૌચાલય બની ગયા હોવાનું પુરવાર થઈ જાય છે. આ મામલે તટસ્થ તપાસ થાય તો અન્ય ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે પણ ટોપ ટૂ બોટમ પથરાયેલી ભ્રષ્ટાચારની માયાજાળના કારણે તપાસ કોણ કરે ? તે સવાલ સો મણનો છે.




# મોડાસાની બેંક ઓફ બરોડામાં અપૂરતી સુવિધાના અભાવે ગ્રાહકોને ભારે હાલાકી



મોડાસા, તા. ૨૧

કેન્દ્રીય કેબિનેટે બેન્ક ઓફ બરોડા, વિજયા બેન્ક અને દેના બેન્કના મર્જરને મંજૂરી આપી સરકારે બેન્કિંગ ક્ષેત્રે મોટો નિર્ણય લીધો હતો. સરકારે પબ્લિક સેક્ટરની ત્રણ બેન્કો-બેન્ક ઓફ બરોડા, વિજયા બેન્ક અને દેના બેન્કના મર્જરને મંજૂરી આપી દીધી છે. મોડાસા શહેરના મધ્યમાં આવેલી બેંક ઓફ બરોડાની શાખા શોપિંગ સેન્ટરની સાંકળી ગલીમાં આવેલી હોવાથી ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ત્યારે મોડાસાની દેના બેંકને પણ મર્જ કરી દેવામાં આવતા અપૂરતી સુવિધાના આભાવે ગ્રાહકોની હાલત દયનિય બની છે. બેંક ઓફ બરોડા બ્રાન્ચ સાંકળી ગલીમાં આવેલી હોવાથી માનવસર્જિત કે કુદરતી આપત્તિ સર્જાય તો મોટી દુર્ઘટના ઘટી શકે છે.

મોડાસા શહેરના બસસ્ટેન્ડ રોડ પર જગત શોપિંગ સેન્ટરમાં આવેલી બેંક ઓફ બરોડા શાખા વર્ષોથી કાર્યરત છે. બેંકમાં કામકાજ અર્થે આવતા ગ્રાહકો માટે વાહન પાર્કિંગની સુવિધા ન હોવાથી ગ્રાહકો રોડ પર તેમના વાહનો પાર્કિંગ કરાતા દંડાવાનો વારો આવે છે. બેંકમાં જવા એકમાત્ર સાંકળી ગલીમાં શોપિંગ સેન્ટરના દુકાનદારો અને બેંકના કર્મચારીઓ વાહન પાર્કિંગ કરતાં હોવાથી બેંકમાં કામકાજ અર્થે આવતા ગ્રાહકોને "અભિમન્યુના સાત કોઠા ભેદવા" જેવી મજબૂરી અનુભવી રહ્યા છે. શોપિંગ સેન્ટરના ખૂણામાં બ્રાન્ચ હોવાથી વેન્ટિલેશનનો અભાવ હોવાથી ગ્રાહકોને શ્વાસ રૂંધાવાની તકલીફો પણ અનુભવી રહ્યા છે. બેંક ઓફ બરોડામાં દેના બેંકના વિલીનીકરણ પછી બેંકમાં ખાતાધારકોની સંખ્યા વધતા ગ્રાહકો ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બેન્કની અંદર અપૂરતી સુવિધાથી સિનિયર સિટિઝનોની હાલત દયનિય બની છે. બેંકમાં રૂપિયા જમા કરાવવા કે ઉપાડવા માટે લાંબી લાઈનો લાગી રહી છે. પાસબુક ભરાવવા લાંબી કતારો યથાવત રહેતા ગ્રાહકોમાં રોષ ફેલાયો છે બીજીબાજુ બેંકના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ગ્રાહકોને પડતી પારાવાર મુશ્કેલી સામે લાચાર જણાઈ રહ્યા છે.

મોડાસા બેંક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજરના જણાવ્યા અનુસાર

મોડાસા શહેરમાં આવેલી બેંક ઓફ બરોડાના મેનેજર રામનિવાસના જણાવ્યા અનુસાર ગ્રાહકોને પડતી અવગવડતા અંગે ૪ નવેમ્બરે મોડાસામાં ડીજીએમ સાથે યોજાયેલ કસ્ટમર મિટિંગમાં રજુઆત કરવામાં આવી હતી અને ડીજીએમએ થોડાક મહિનામાં અન્ય જગ્યાએ બ્રાન્ચ ખસેડવા હૈયાધારણા આપી હોવાનું જણાવ્યું હતું. બ્રાન્ચમાં આફત સર્જાય તો...? જણાવ્યું હતું કે એમાં હું શું કરી શકું કહીને લાચારી વ્યક્ત કરી હતી.